R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 19•ISSUE: 06 DATE: 07-02-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામામાં સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## અમેરીકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ધાર્મિક સહિષ્ણુતાની જોરદાર તરફેણ કરી

ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના રાષ્ટ્રપતિએ ભારતની મુલાકાતના અંતિમ દિવસે સીરી ફોર્ટ ઓડિટોરીયમ ખાતે સંબોધન કરતાં જણાવ્યું હતું કે ધર્મના નામે ભારત વિભાજીત ન થાય તો જ તે સફળ થશે.તેમણે કહ્યું હતું કે દરેક વ્યક્તિને કોઈ પણ પ્રકારની સતાવણી વિના પોતાના ધર્મનું પાલન કરવાનો અધિકાર છે.અને જો ભારતમાં ધર્મ આધારિત રાજનીતિ કરવામ આવશે તો તે સફળ થશે નહીં.દરેક વ્યક્તિને કોઈપણ પ્રકારની સતાવણી, ભય અને પક્ષપાત વિના પોતાના પસંદગીના ધર્મનું પાલન કરવાનો અધિકાર છે અને તેમણે આ બાબતે ભારતના નાગરિકોને ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર આપતા બંધારણના આર્ટિકલ ૨૫નો ઉલ્લેખ કર્યો હતો. આર્ટિકલ ૨૫ મુજબ દરેક વ્યક્તિને પોતાની પસંદગીના ધર્મનું પાલન કરવાનો અધિકાર છે અને તે મુક્ત રીતે પોતાની પસંદગીના ધર્મનું પાલન કરી શકે છે.

ભારતમાં ઘરવાપસી જેવા કાર્યક્રમો અને ધર્માંતરણ પર ચાલી રહેલા વિવાદોના સંદર્ભમાં અમેરિકી રાષ્ટ્રપતિએ આ ટિપ્પણી કરી હતી.ભારત અને અમેરિકા એમ બંને દેશોમાં ધાર્મિક સ્વાતંત્રતાની જાળવણીની જવાબદારી ફકત



સરકારની જ નહી પરંતુ દરેક નાગિરકની છે.સમગ્ર વિશ્વમાં આજે પોતાનો ધર્મ સાચો હોવાની આડમાં અસહિષ્ણુતા,હિંસા અને આતંકવાદ જોવા મળી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે ગાંધીજી માનતા હતા કે ધર્મ ક્યારીમાંના અલગ અલગ ફુલ જેવા હોય છે.બધા એક બગીચાના સુંદર ફુલો છે.ભારત અને અમેરિકા વચ્ચે ઘણી બધી સામ્યતાઓ રહેલી છે.તેથી ભારત અને અમેરિકાએ ધર્મ અને અન્ય બાબતોથી વિભાજીત કરતાં તત્વો સામે સાવધાન રહેવું પડશે. જો ભારત અને અમેરિકા એક સાથે મળીને કામ કરવાની ક્ષમતા પ્રદર્શિત કરે તો વિશ્વના અન્ય દેશો માટે ઉદાહરણ સ્વરુપ બની શકે છે.

જો કે બરાક ઓબામાએ કહેલી સ્પષ્ટ બાબતો ભારતીય જનતા પાર્ટીની સાથે જોડાયેલ અન્ય ઘટક પક્ષો જેવાકે આરએસએસ,વિશ્વ હિદું પરિષદ,બજરંગ દળ, ધર્મ જાગરણ મંચ,ઈત્યાદિઓને આ બાબત પચી શકે નહી કારણે કે તેમના કાર્યક્રમો જગજાહેર છે અને તેમની ગતિવિધિઓ સામે સરકાર આંખ આડા કાન કરી રહી છે.પરંતુ અમેરિકી પ્રમુખે સરકારને તેમની ભુમિકા અને રાજધર્મ પાલન કરવાની શીખ આપી છે.

હવે નરેન્દ્ર મોદી, વડાપ્રધાને તેમના સાથીઓને આ બાબતે અટકી જવાનો સંકેત આપવો પડશે.જો તેની શરુઆત થશે પરંતુ શરુઆતમાં તે આ કટ્ટરવાદીઓને પસંદ નહી પડે.

## બંધારણમાંથી ધર્મનિરપેક્ષતા શબ્દ કાઢી નાંખવાની માંગની ટીકા કરવામાં આવી

ભારતીય જનતા પાર્ટીની સહયોગી શિવસેનાએ બંધારણની પ્રસ્તાવનામાંથી ધર્મનિરપેક્ષતા શબ્દને કાઢી નાંખવાનો પ્રસ્તાવ મુક્યો હતો, તેને ખારીજ કરતાં કેન્દ્રીય મંત્રી વેંકૈયા નાયડુએ જણાવ્યું હતું કે સરકાર ધર્મનિરપેક્ષતાને વરેલી છે.ધર્મ નિરપેક્ષતા ભારતીય લોકોના લોહીમાં છે તેથી તે ભારતીય બંધારણમાંથી એ શબ્દો કાઢી નાંખવા વિચારતી નથી. જો કે એનડીએના ઘટક પક્ષ પીએમકેએ પણ આ હિલચાલની ટીકા કરી હતી.નાયડુંએ કહ્યું હતું કે અમે ધર્મનિરપેક્ષતાને પ્રતિબધ્ધ છીએ. તે અંગે કોઈ સમસ્યા નથી. તેને કાઢી નાંખવાનો વિચાર પણ કરતા નથી.એ અમારી સંસ્કૃતિનો ભાગ છે. જો કે વાસ્તવિક ભાગમાં સામેલ નથ અને તેને કટોકટી વખતે દાખલ કરાઈ હતી.

સરકારની જાહેરાત વાસ્તવિક ભાગ અંગે હતી. પરંતુ તેને કાઢી નાંખવાનો સરકારનો કોઈ ઈરાદો નથી.સરકારની જાહેરાતમાં બંધારણના સેક્યુલર અને સમાજવાદ શબ્દો વિનાના ભાગની તસવીર મુકવામાં આવી હતી.

જો કે છેલ્લા કેટલાક સમયથી ભારતને હિંદુ રાષ્ટ્ર ધોષિત કરવાની કસરતો ભાજપ અને સંઘ સાથે જોડાયેલી તેમની ભગીની સંસ્થાઓ કેટલાક નેતાઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે. પરંતુ તેના કારણે આંતરરાષ્ટ્રીય છબી ખરડાઈ રહી છે તેનું ભાન થતાં સરકાર દ્વારા કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી રહી છે.

## ઇજીપ્તમાં ઇસીસના આતંકીઓ ૩૦ની હત્યા કરી

ઈજીપ્તમાં નોર્થ સિનાઈ ખાતે શ્રેણી બધ્ધ હુમલાઓ કરીનો આઈએસઆઈએસના આતંકવાદીઓએ અનેક સિક્યુરીટી પોસ્ટ પર તૈનાત ૨૭ સૈનિકો સહિત કુલ ૩૦ લોકની હત્યા કરી હતી.આ હુમલામાં કાર બોંબ અને મોર્ટારથી કત્લેઆમ કરવામાં આવી હતી. ઈસ્લામીક સ્ટેટ દ્વાર આ અત્યાર સુધીનો સૌથી વધુ ઘાતક હુમલો હોવાનું મનાય છે

આતંકવાદીઓએ રોકેટસ દ્વારા અને કાર બોંબથી હુમલાઓ કર્યા હતા. જેમાં નોર્થ સિનાઈ ખાતે ૨૭ જેટલા સૈનિકોની હત્યા કરાઈ હતી.જ્યારે હુમલામાં અન્ય ત્રણ નાગરિકો પણ માર્યા ગયા હતા.જ્યારે ૬૦ થી વધુ લોકો ધાયલ થયા હતા.આ મૃતકોમાં છ મહિનાના બાળક સહિત બે બાળકોના મોત થયા હતા.આતંકવાદીઓએ પ્રાંતીય રાજધાની અલ-એરીશમાં સિક્યુરીટી ડિરેક્ટોરેટના મુખ્યાલયને નિશાન બનાવ્યું હતું.

## કુર્દ સૈનિકોએ સીરીયાના કોબાની શહેરને ઇસ્લામીક સંગઠનના પંજામાંથી મુકત કરાવ્યું



ઈસ્લામીક સંગઠન જેને ઈસીસના નામે ઓળખાય છે અને જેના આતંકીઓએ ધાતકી કૃત્યોનો કેર વર્તાવ્યો છે.તેમને સીરીયાના કોબાની શહેરમાંથી પીછેહઠ કરવી પડી હતી.ઈસીસે ભારે હથિયાસો સાથે સીરીયાના કોબાની શહેરને પોતાના કબજાં કરી લીધું હતું પરંતુ આ શહેરને છોડાવવા ાટે કુર્દ લડાકુઓએ ચાર મહિના સુધીના ભીષણ યુધ્ધ બાદ આખરે આ શહેરને ઈસીસની ચુંગાલમાંથી મુક્ત કરાવી દીધું હતું.તેની જાણકારી એક નિરીક્ષક સમુહ અને સીરીયાના મીડીયા દ્વારા આપવામાં આવી હતી. બ્રિટન સ્થિત સીરીયન ઓબ્ઝર્વેટી ફોર હ્યુમન રાઈટસે જણાવ્યું હતું કે સીરીયન કુર્દીશ પીપુલ્સ પ્રોટેકશન યુનિટે કોબાનીમાંથી ઈસ્લામિક સ્ટેટના આતંકીઓને ભગાડી મુક્યા હતા.

ઈસીસના આતંકીઓને ભગાડી મુકાયા તેનો જશ કુર્દીશ ફાઈટર્સને આપવો ઘટે પરંતુ આ ફાઈટર્સ ગ્રુપમાં મોટા ભાગના લડાકુઓમાં સ્ત્રીઓ છે.કોબાની શહેરનો ૯૦ ટકા ભાગ અત્યારે કુર્દશ ફાઈટર્ચસના કંન્ટ્રોલ હેઠળ આવી ગયો છે.કોબાની શહેરને મુક્ત કરાવવા માટે છેલ્લા ચાર મહિનાથી સંઘર્ષ ચાલી રહ્યો હતો. અમુક વખતે એવું લાગ્યું હતું કે બધુ હાથમાંથી જતું રહ્યું છે. પરંતુ કુર્દીશ ફાઈટર્સને અમેરિકા અને તેના સહયોગી દેશો મારફતે હવાઈ હુમલા દ્વારા મદદ કરવામાં આવી તેથી તેઓ ભીષણ યુધ્ધ જીતી શકયા હતા.લડાઈની ખાસ વાત તો એ છે કે આ યુધ્ધમાં હજારો યુવાન વોલેન્ટીયર્સ જોડાયા હતા અને તે પૈકી મોટા ભાગની મહિલાઓ હતી.અને કેટલીક વાર લડાઈના મોરચા પર સંપુર્ણ યુનિટ મહિલાઓનું હતું.

એક કુર્દ ફાઈટર્સની સાથે વાતચીતમાં જાણવા મળ્યું હતું કે જિહાદીઓ મહિલાઓ સાથે લડાઈ કરવામાં ક્ષોભ અનુભવે છે.તેઓ એવું માને છે કે જો તેઓ લડતા લડતાં જો માર્યા જશે તો તેમને સ્વર્ગમાં જગ્યા મળશે નહી.તેથી તેઓ મહિલાઓ સામે લડવાનું યુધ્ધમાં ટાળે છે અને તેને કારણે કુર્દીશ મહિલાઓનો વિજય થવાનું એક કારણ એ પણ હતું.હજુ સીરીયામાં સીવીલ વોર તો ચાલુ જ છે કારણ કે કુર્દ લોકોએ કોબાનીનું રક્ષણ કરવાનું છે સાથે સાથે તુર્કી બોર્ડર પર ઈસીસના ત્રાસથી નાસી જવા માટે એકઠા થયેલા રેફ્યુજીનું પણ રક્ષણ કરવાનું છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ઈસ્લામીક સંગઠન દ્વારા જાપાની પત્રકારનુંગળુ કાપતો વીડીયો જારી કરાયો,વિદેશી પત્રકારોનું અપહરણ કરીને તેમને મોતને ઘાટ ઉતારી દુનિયામાં ધાક અને આતંક ફેલાવવા માંગતા ઈસ્લામીક આતંકીઓનો ખાત્મો બોલાવવા માટે સમગ્ર વિશ્વમાં એકમત થવો જરુરી છે.જાપાની પત્રકાર કેજી ગોટોના મોત બાદ જાપાની લોકોમાં ગુસ્સો વ્યાપી ગયો છે.ઈસીસે જાપાનને ધમકી આપતાં કહ્યું હતું કે તેઓ આ લડાઈમાંથી ખસી જાય પરંતુ આ ઘટના બાદ જાપાનના પ્રધાનમંત્રી આ બાબતે વધારે સખત વલણ અખત્યાર કર્યું છે.તેમણે સ્પષ્ટ કર્યું છે કે જાપાન આવા કૃત્યો સાંખી નહી લે અને તેમની લડાઈ જારી રાખશે, તેમજ આ લડાઈને આગળ વધારવા માટે તેઓ આર્થિક મદદ પણ કરશે.

મરનાર ગોટો ખુબજ જાણીતા પત્રકાર હતા. તેઓ માનવતા પ્રત્યેની સહૃદયતાને કારણે સીરીયમાં રીપોટીગ કરવા ગયા હતા.તેઓ એક ફિલ્મ નિર્માતા પણ હતા.સરકાર ગોટોને છોડાવવામાં પ્રયત્નશીલ હતી પરંતુ ઈસીસે તેમની કત્લનો વીડીયો જાહેર કરી દીધો હતો તેથી તેમને છોડાવવાના પ્રયત્નો પર પાણી ફરી વળ્યું હતું.જો કે જાપાની સરકાર હજુ પણ વીડીયોની સચ્ચાઈ જાણવા પ્રયત્ન કરી રહી છે.ઈસીસ દ્વારા વિદેશી પત્રકારોના અપહરણ કરીને તેમને બંધક બનાવી તેમનો શિરચ્છેદ કરીને દુનિયામાં આતંક ફેલાવવા માંગે છે.પરંતુ આ લોકો ભુલી જાય છે કે તેમના આવા પ્રયત્નોથી પત્રકારિતા અટકી જવાની નથી.દુનિયાના લોકો સમક્ષ સત્ય લાવવા માટે કેટલાક લોકો કફન બાંધીને કામ કરી રહ્યા છે.ભલે તેઓ ઈતિહાસમાં જાણીતા ના બને પરંતુ તેથી તેમનું મહત્વ ઘટી જતું નથી.મૃત્યુનો ડર હોવા છતાં ગોટો જેવા પત્રકારો આ દેશોમાં જવાના અને ત્યાથી સત્ય જાણીને દુનિયા સમક્ષ લાવવાની.વિશ્વમાં છેલ્લા વર્ષમાં પત્રકારોના મોતની સંખ્યામાં વધારો થયો છે.અશાંત વિસ્તારોમાં પત્રકારોના ખુન એ સામાન્ય બાબત નથી.રિપોટર્સ વિધાઉટ બોર્ડર નામની સંસ્થા કહે છે કે ૨૦૧૪મા ૬૯ પત્રકારોને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા.હજુ શાર્લી હેબ્દોના પત્રકારોની થઈ ગયેલ હત્યા તો તાજી જ છે.વાણી સ્વાતંત્રતા માટે વધારે લડવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. જે સુખદ બાબત નથી.(સૌ.)

## પત્રકાર જગતમાં વરિષ્ઠ કાર્ટુનિસ્ટ તરીકે જાણીતા આર.કે લક્ષ્મણનું નિધન

લોકપ્રિય કાર્ટુનિસ્ટ આર.કે. લક્ષ્મણનું ૯૪માં વર્ષે પુણે ખાતે અવસાન થયું હતું. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી બિમાર તો હતાજ.કોમનમેન એ તેમનું સૌથી લોકપ્રિય કાર્ટુન ચિત્ર હતું. કોમનમેનને લીધે તેમની નવી ઓળખ વિશ્વભરમાં થઈ હતી. તેવીજ રીતે ટનલ ઓફ ટાઈમ મરાઠી આત્મકથા લક્ષ્મણ રેખ તરીકે પ્રખ્યાત છે.૨૦૧૦માં પક્ષઘાતને લીધે તેઓ સરખી રીતે બોલી શકતા નહોતા પરંતુ તેમણે તેમના કાર્ટુનો બનાવવાનો શોખ જારી રાખ્યો હતો.તેમની બિમારીનો જરાપણ અણસાર તેમના કાર્ટુનોમાં દેખાયો નહોતો.તેમને રાજકીય સન્માન સાથે અંતિમ વિધિ કરવામાં આવી હતી.આમ આદમીને લક્ષમાં રાખીને તેમણે કાર્ટુનો દોર્યા હતા.સામાન્ય માણસની ચિંતાઓ તેમણે તેમના કાર્ટુનોમાં દર્શાવી હતી.કાર્ટુનો દ્વારા તેમને લોકોને હસાવ્યા હતા.જો કે તેમના માટે કહેવાયું છે કે જ્યારે તેઓ મુંબઈને એક ડ્રોઈંગ સ્કુલમાં એડમિશન માટે ગયેલા ત્યારે તેમને એક કહીને એડમીશન આપવામાં આવ્યુ નહોતું કે તમારુ ડ્રોઈંગ સારુ નથી.તેમણે માલગુડી ડે નામની ટીવી સીરીયલ પણ બનાવી હતી.કાર્ટુનોને જે રીતે હાઈલાઈટસ કર્યા તેનાથી તેમને પધ્મવિભુષણ, અને રેમન મેગ્સેસ પુરસ્કાર પણ મળ્યા હતા.એક અત્યંત બુધ્ધિજીવી ગણાતા અને તેમના કાર્ટુનો દ્વારા સમાજને આઈનો બતાવનારા લક્ષ્મણ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે.પ્રભુ તેમના પરિવારજનોને દિલાસો આપે. !


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.


**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## અર્થતંત્રની હાલત ધારણા કરતાં વધુ સારી છે.તેનો જશ યુપીએની સરકારને જાય છે. તેમણે દેશનું અર્થતંત્ર બેહું કર્યું હતું.

દેશના અર્થતંત્રની હાલત આપણે માનતા હતા તેના કરતાં વધારે સારી અને ૨૦૧૩-૧૪માં એટલે કેજે યુપીએ સરકારે અર્થતંત્રમાં ગેરવ્યવસ્થા માટે સૌથી વધુ અપજશ વેઠ્યો તેના જ અંતિમ વર્ષમાં પરિસ્થિતિ ખરેખર ઘણી સુધરી ગઈ હતી.વર્તમાન સરકાર તેના વચનો પુર્ણ કરવાનો આશાવાદ સેવી રહી છે તેનો આધાર પણ તે વખતના આંકડા જ છે. જેમકે વિકાસ વૃધ્ધિ દર ધારવામાં આવતો હતો તે પ્રમાણે માત્ર ૪.૭ ટકા જ નહી પરંતુ ૨૦૧૩-૧૪માં જ ૬.૯ ટકા થઈ ચુક્યો હતો.તેના આગલા વર્ષે પણ તે ૪.૫ ટકા નહી પરંતુ ૫ ટાથી વધુ ૫.૧ટકા હતો.બીજુ કે મેઈક ઈન ઈન્ડીયા ત્યારે જ ખરા અર્થમાં અમલી થઈ ચુક્યું હતું. કારણ કે ૨૦૧૩-૧૪માં જીડીપીમાં મેન્યુફેક્ચરીંગનો હિસ્સો ૧૨.૯ નહી પરંતુ ૧૭.૩ ટકા હતો.ત્રીજુ કે ફુગાવો ત્યારે જ અંકુશમાં આવવો શરુ થઈ ગયો હતો.કારણકે ૨૦૧૨-૧૩માં ભાવવધારાનો દર ૮ ટકા હતો તે ૨૦૧૩-૧૪માં ૬.૬ ટકા થઈ ચુક્યો હતો.મુડીનું કુલ સર્જન ૨૦૧૩-૧૪માં ઘટીને ચાર ટકા થયું હતું પરંતુ સ્થાયી મુડી સર્જ ખરેખર આ પ્રવાહને પલટાવીને ૩ ટકા વધ્યો હતો.કુલ મુડી સર્જનમાં ઘટાડનું પ્રમાણનુ ંકારણ સરકારે સોનાની આયાત પર મુકેલો અંકુશો હતા.જેના કારણે કિમતી ચીજો પર મુડી ખર્ચ ૪૮ ટકા જેટલો ઘટ્યો



હતો.ચાલુ ખાતાની ખાધ જે ૨૦૧૧-૧૨માં જીડીપીના ૬.૪ ટકા હતી તે ૨૦૧૩-૧૪માં કાબુમાં આવીને ૧.૯ ટકા થઈગઈ હતી. અર્થતંત્રનું આ વ્યવસ્થાપન ખરેખર કદરલાયક છે અને તેમાં નાણાંકીય શિસ્તની મદદ મળી હતી. આ જોતા એમ લાગે છે કે મનમોહનસિંહ સરકારે આર્થિક મોરચે ખરેખર સારી કામગીરી બજાવી હતી.પરંતુ તે લોકો સુધી આ વાત પહોચાડવામાં રહી. અર્થતંત્ર ત્યારે જ પાટા પર ચડી ચુક્યુ હતું. હવે તેનો વેગ વધારવાનું કામ મોદી સરકાર માટે પ્રમાણમાં સરળ બની ગયું છે. આ મોરચે ભાજપ અને કોગ્રેસ સહકાર સાધે તે આવશ્યક છે.સરકારની સેન્ટ્રલ સ્ટેટેસ્ટિકલ ઓફીસે જીડીપી અંદાજોના આંકડા સુધાર્યા તેના કારણે અર્થતંત્રનું આ તાજું ચિત્ર પ્રાપ્ત થયું છે. આ ઓફિસ બેઝ વર્ષ ૨૦૦૪-૦૫ થી બદલીને ૨૦૧૧-૧૨ કર્યુ અને તેની ગણતરીમાં વધુ ક્ષેત્રોનો ઉમેરો કર્યો.બીજુ તેણે ભારતના જીડીપીનું માપ કાઢવાની પધ્ધતિને વિશ્વભરમાં વ્યપાક છે તે રીતે પરિબળોને બદલે બજાર ભાવ આધારિત કરી દીધી છે. યુપીએના શાસનકાળમાં સર્જાયેલાં કૌભાંડોને કારણે તત્કાલીક વડાપ્રધાન મનમોહનસિંહ બહુ બદનામ થયા અને તેના કારણે આર્થિક મોરચે તેમણે કરેલી સારી કામગીરી ધોવાઈ ગઈ.વધુમાં તેમને જશ લેતાં નહતો આવડતો પરંતુ ભાજપને તેમને અપજશ આપતાં વધુ સારી રીતે આવડયું હતું.હવે મનમોહનસિંહ જે આર્થિક પુનરોત્થાનનો પાયો નાંખી ગયા છ તેના પરિણામોનો જશ ભાજપ મનભરીને લેશે તે સુનિશ્ચિત છે.(સૌ.નવ.સમય)

## ઇરાકના પુસ્તકાલયોને ઇસ્લામીક સ્ટેટ આતંકીઓ નિશાન બનાવી રહ્યા છે

ઈસીસ એટલેક ઈસ્લામીક સ્ટેટ સંગઠન તેના આતંકીઓ દ્વારા હવે ઈરાકના પુસ્તકાલયોનો નાશ કરવામાં આવી રહ્યો છે.ઈરાકના મોસુલ શહેરના પુસ્તકાલયોમાંથી બે હજાર જેટલા પુસ્તકોને સળગાવી દેવા ઉપરાંત પુસ્તકાલયમાં માત્ર ઈસ્લામના જ પુસ્તકો મુકી દીધા હતા.આઈએસના આતંકીઓએ નાઈજીરીયામાં બોકો હરામ અને તાલીબાનીઓની તર્જ પર હવે અભ્યાસને લગતી સામગ્રી પર હુમલા કરવાનું શરુ કરી દીધું છે.

સુત્રોના જણાવ્યા મુજબ ચાલુ મહિનાની શરુઆતમાં આઈએસના આતંકીઓ મોસુલ શહેરના કેન્દ્રીય પુસ્તકાલયમાથી બે હજાર જેટલા પુસ્તકો હટાવી દીધા હતા. તેમજ દર્શન,સંસ્કૃતિ,વિજ્ઞાન અને અન્ય વિષયોના પુસ્તકો તેઓ સાથે લઈ ગયા હતા.પુસ્તકાલયમાંથી જતી વખતે તેમણે લોકોને કહ્યું હતું કે । પુસ્તકોથી ધર્મનિરપેક્ષતાનો પ્રસાર થાય છેજેથી હવે તેને સળગાવી દેવામાં આવશે.બીજી તરફ અમેરીકાએ દાવો કર્યો છે કે તેણે આઈએસ માટે કામ કરતાં રાસાયણીક હથિયારોના વિશેષજ્ઞ અબુ મલિકને ઠાર કર્યો હતો.અમેરિકા મુજબ ઈરાક પર ગઠબંધન વાળી સેનાના હવાઈ હુમલામાં અબુ મલીકને મારી નાંખવામાં આવ્યો હતો.અબુ મલિકના મોત બાદ આઈએસના રાસાયણિક હથિયાર વિકસિત કરવાની ક્ષમતાને મોટું નુકશાન થયું છે.અબુ મલિક સદામ હુસેનના સમયથી રસાયણિક હથિયારો વિકસિત કરતો હતો.ઈસીસમાં સદામ હુસેનના ટેકેદારો સામેલ થઈ ગયા છે.સદામના મોતથી અંડરગ્રાઉન્ડ થયેલા ઈસીસ સાથે જોડાઈને બદલો લેવા સક્રિય બન્યા છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## યોજનાઓનો અમલ ન થઇ શકે તો બનાવવી જોઇએ નહી.સુપ્રીમ કોર્ટ

ભારતની સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે યોજનાઓ નો જો અમલ જ થઈ શકે તેમ ના હોય તો તેવી યોજનાઓ બનાવો જ નહીં.બાબુ જગજીવનરામ છાત્રાલય યોજનાનો ધીમી ગતિએ અમલ કરવા બદલ કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢવામાં આવી હતી.એસસી-એસટી કેટેગરીને લગતા વિદ્યાથીઓને હોસ્ટેલો પુરી પાડવાના કેન્દ્ર સરકારની ઢીલી નીતીની સુપ્રીમ કોર્ટે ટીકા કરતાં કહ્યુ હતું કે તે અમલ ન કરી શકે તેવી યોજનાઓ ન બનાવે.

આ સ્કીમનો હેતું માધ્યમિક સ્કુલો, ઉચ્ચતર માધ્યમિક સ્કુલો,કોલેજો અને યુની.માં અભ્યાસ કરતાં શિડ્યુલ કાસ્ટના છોકરાં અને છોકરીઓને રહેવાની વ્યવસ્થા કરી આપવાનો છે. દેશભરમાં શૈક્ષણિક સંસ્થાઓમાં હોસ્ટેલની દયનીય સ્થિતિ અંગે પણ કોર્ટે નારાજગી દર્શાવી હતી.તેણે કહ્યું હતું કે ઘણી હોસ્ટેલમાં લઘુતમ સવલતો પણ નથી. જસ્ટીશ મદન બી.લોકુર અને યુ.યુ. લલિતની બનેલી બેંચે જણાવ્યુ હતું કે આ યોજનાને સંપુર્ણ રીતે અમલમાં મુકવાની જવાબદારી તમારી છે. જો તમે યોજનાઓને અમલમાં મુકી શકતા નથી તો તમે તેને ન બનાવો. આ બેન્ચે એસટી-એસટીને લગતા વિર્ધાર્થીઓ માટે હોસ્ટેલની અછત પર પ્રકાશ ફેંકતી વિધ્યાર્થી સંગઠન એબીવીપીની એક જાહેર હિતની અરજી પર સુનાવણી કરી રહી હતી.

આ કટોકટી માટે સરકારને જવાબદાર ઠેરવીને કોર્ટે આ સ્કીમ હેઠળ બાંધવામાં આવી રહેલા હોસ્ટેલો અંગે એક સર્વે કરે અને તેની સ્થિતિ અંગે ચાર મહિનામાં માહિતી આપવાનો આદેશ કર્યો હતો. બેન્ચે આ યોજના હેઠળ નવી હોસ્ટેલોના બાંધકામની પ્રક્રિયા ઝડપી બનાવવાનું પણ સુચન કર્યું હતું.

## ઇસ્લામિક સંગઠન અને બોકો હરામ જેવા આતંકીઓ સામે વૈશ્વિક લડત આપવી પડશે

સીરીયા,ઈજીપ્ત, ઈરાક,નાઈજીરીયા સહિતના મધ્ય એશિયાના દેશોના કેટલાય ભાગો પર આ આતંકવાદી સંગઠનોએ પોતાનો કબજો જમાવ્યો છે.તેમજ તેઓની પાશવી લીલાઓ દિવસે દિવસે માઝા મુકતી જાય છે.જાપાનના પત્રકાર કેન્જી ગોટોનો શિરચ્છેદ તેમજ અન્ય જાપાની નાગરિક હારુના યુકાવાનો શિરચ્છેદ બાદ વિશ્વભર ચોતરફ આ આતંકીઓ તરફી ધિક્કારની લાગણી ફેલાઈ ગઈ છે.ફ્રાસમાં શાર્લી હેબ્દોના પત્રકારોનો સંહાર એ તાજેતરના દાખલાઓ પૈકીનો એક છે.આઈએસઆઈ દ્વારા જોર્ડનમાં કેદ કરવામા આવેલા એક આઈએસના આતંકીને મુક્ત કરવા અને જાપાનીઓને મુકત કરવા માટે ૨૦ કરોડ ડોલરની માંગણી હત.જે સમયસર પુરી ના થઈ તેથી તેમનો વધ કરાયો.આ ઘટનાઓનો વિરોધ જાપાન,અમેરિકા,ઈગ્લેન્ડ સહિતના કેટલાક દેશોએ કર્યો પરંતુ આઈએસઆઈએસ સામે વેશ્વીક રીતે લશ્કરી કાર્યવાહી કરવા માટે હજુ વિશ્વભરમાં સહમતિ સધાઈ નથી.અત્યાર સુધીના તમામ આતંકવાદી સંગઠનો પૈકી આઈએસઆઈએસ સૌથી વધુ ઘાતકી અને ખુંખાર સંગઠન છે. તેને છુટા છવાયા ત્રાસવાદી હુમલામાં રસ નથી તેને તો દેશો પર લશ્કરી કબજો કરવામાં રસ છે.બેધડક ખંડણી માંગે અને શિરચ્છેદ કરી તેનો વીડીયો જારી કરે. આ સંગઠનમાં માથા ફરેલા,અશિક્ષિત,અર્ધશિક્ષિત જ નહી પરંતુ યુરોપ સહિતના દુનિયામાંના અનેક ભાગોના ધર્મ ઝનુની યુવકો અને યુવતીઓ ભળ્યા છે.તેથી હવે આ બાબત વધુ ચિંતાજનક બનતી જાય છે.હવે ઈસીસને સમગ્ર માનવજાતના દુશ્મન તરીકે જાહેર કરીને તેનો કાયમી ખાત્મો બોલાવવો જરુરી છે.આ માટે વિશ્વભરના દેશોએ પોતાના રાજદ્રારી સબંધો.આર્થિક કે લશ્કરી સબંધો અને તમામ મતભેદોનો બાજુએ મુકીને એક મંચ પર આવવું પડે.આઈએસઆઈએસ,બોકો હરામ,કે તાલિબાન જેવા ધર્મ ઝનુની સંગઠનોને નાથવાની તાતી જરુરીયાત છે.(સૌ.નવ.સમય)

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## ગુજરાતમાં સહુ પ્રથમ વાર 'ગૌ અભયારણ્ય' બનશે

ગુજરાતના સાબરકાંઠાના આકોદરા ખાતે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા એનિમલ હોસ્ટેલ પ્રોજેકટ બનાવાયો હતો. તેને મળેલ સફળતાને લીધે હાલની સરકારે ગુજરાતમાં સહુ પ્રથમ વાર ગૌ અભયારણ્ય બનાવવા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી આપી છે.

વન વિભાગ દ્વારા દેશમાં પહેલી વખત પશુપાલન અને ગૌસંવર્ધન વિભાગ દ્વારા ગાય- ગોવંસના સંવર્ધન માટે અભયારણ્ય બનાવવા માટે સરકાર દ્વારા નિર્ણય કરાયો છે.

ભારત સરકારના કૃષિ અને પશુ પાલન મંત્રાલયે ગાય માટે અલગ અભયારણ્ય બનાવવા માટે ૫૦૦ કરોડ સુધીની સહાય કરવાની ખાતરી આપી છે.રાજ્ય તરફથી ગીર ગાય માટે પોરબંદર જિલ્લાના ધરમપુર ખાતે ૧૨૫ કરોડ અને બનાસકાંઠામાં કાંકરેજી ગાય માટે દાંતિવાડા ખાતે ૧૮૦ કરોડના ખર્ચે અભયારણ્ય વિકસાવાશે.પશુપાલન વિભાગ આ બંને સ્થળોએ દસ હજાર જેટલી ગાયોનું સંવર્ધન કરી શકે તેવી વ્યવસ્થાઓનુ નિર્માણ કરશે.ગુજરાતમાં એશિયાટિક લાયનથી લઈને ઈન્ડીયન ડોન્કી જેવા અનેક પશુ પ્રાણી અને પક્ષીઓ માટે ૨૫ નેશનલ પાર્ક અભયારણ્યો આવેલા છે.

## ગુજરાતના સાહિત્યકાર ગુણવંત શાહને પદ્મશ્રીનો પુરસ્કાર અપાયો

ગુજરાતના સાહિત્યકાર અને ચિંતક ગુણવંત શાહને કેન્દ્ર સરકારે દેશના ચોથા સર્વોચ્ચ નાગરિક સન્માન પધ્મશ્રીથી નવાજયા હતા.ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે.ગુણવંત શાહની લેખીની દૈનિક સમાચાર પત્રોમાં ગુજરાતી વાંચકોએ જોઈ છે.અને તેમનો બહોળો પ્રશંસક વર્ગ પણ છે.

લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

## પંખીનો ફફડાટ.....

અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૯ના ગુજરાતી વિષયમાં કવિ ઈન્દુકુમાર ત્રિવેદીનું ફફડાટ કાવ્ય આવે છે. આ લઘુકાવ્યમા કાવ્યનાયક છાજલી ઉપર ચીજો ગોઠવતાં અજાણતા હાથનો ધક્કો લાગે છે ને પંખીએ મુકેલું ઇંડુ ભોય તરફ ગબડે છે અને ફુટી જાય છે ત્યારે કવિના હૈયામાં પંખીનો ફફડાટ અનુભવાય છે. ફફડાટ કાવ્ય ધોરણ ૯માં ભણાવવાનું થયું ત્યારે વર્ગખંડમાં પણ વિધ્યાર્થીના હૈયે પણ પંખીનો ફફડાટ થયો હોય તેમ મને લાગ્યું. કારણ એક જ હતું કે મે મારી ફફડાટની વીતક કથા વર્ગખંડમાં જણાવી હતી.ત કથા આ પ્રમાણે હતી.

ચાર વર્ષ પહેલાં હું શિક્ષક તરીકે સ્કુલમાં જોડાયો ત્યારે મને સ્કુલ તરફથી રહેવા માટે રુમ આપવામાં આવ્યો હતો. આ રુમમાં સૌથ વધારે જો દોસ્તી થઈ હોય તો તો પુસ્તકો સાથે. પુસ્તકો વાંચવાની જેટલી મઝા આવી તેટલી મઝા મારા ઘરે પણ આવી નથી. અને કહેવાય પણ છે પુસ્તકો આપણા સાચા મિત્ર . આમ ધીરે ધીરે આ રુમ સાથે નિકટનો સબંધ બંધાઈ ગયો.

મારી નોકરીને હજુ ત્રીજુ વર્ષ ચાલી રહ્યું હતુ ત્યારે એક સમી સાંજે એક પંખી મારા રુમમા પ્રવેશ કર્યો. હું તેને જોતો જ રહી ગયો. પણ તેનું રહસ્ય મને સમજાયું નહી.અકબંધ રહ્યું, બીજા દિવસે પરોઢિયે મે તેના ચાંચમાં સુકા ઘાસનું તણખલુ જોયું.હવે મને પુરેપુરુ સમજાયું કે ગઈ કાલે જે પંખી મારા રુમમાં આવ્યું હતું તે પંખી માળો ક્યાં બનાવવો તેની ખોજમાં હતું. મારા રુમની લોબીમં માળો બનાવ્યો હતો અને તે પંખી રુમમાં ઉડાઉડ કરતાં પંખાના કારણે મૃત્યુ પામ્યુ હતું. તે વખતે મારા હૈયે ખુબ ફફડાટ થયો.

હવે આ પંખીને કોઈ અકસ્માત ન થાય તેની કાળજી લેવી જોઈએ તેવો મે પાકો નિર્ણય લીધો. થોડાક દિવસોમાં તો આ પંખીએ કપડા સુકવવાની દોરી સાથે ખુબજ સરસ લટકતો માળો બાંધી દીધો. હું આ પંખીને નિરખતો ને હરખાતો. ક્યારેક હું પંખીને જોવા ખુરશ લોબીમાં ગોઠવી જોયા કરતો ને આનંદ પ્રાપ્ત કરતો. કારણકે પંખી મને અદ્‌ભુત જણાતું હતું.

એક દિવસ હું મારા દૈનિક કાર્ય પુર્ણ કરી અને સમી સાંજ દોરી પર રાખેલો રુમાલ લેવા જણા અજાણતા પંખીએ બાંધેલો માળો ઉંધો વળી ગયો અને પંખીએ માળામાં મુકેલા ત્રણ ઈંડા ભોય પર પટકાયાને ફુટી ગયા.આ ઘટના પછી હું આખે આખો સ્તબ્ધ થઈ ગયો. થીજી ગયો. પથ્થર બની ગયો. પંખીની આ ઘટના પછી મારા હૈયામાં ફફડાટ થવા લાગ્યો. હં પોતાને જ દોષ દેવા લાગ્યો અને મનોમન કહેવા લાગ્યો કે પંખીના ત્રણ બચ્ચા તેની નવી દુનિયા પણ જોઈ ના શક્યા

મથુર વસાવા. સેન્ટ જોસેફ હાઈસ્કુલ, ઊના.જિ.ગીર,સોમનાથ.

## સંરસંઘચાલક મોહન ભાગવતે ધર્મના આધારે ભેદભાવ ન કરવા તેમના કાર્યકરોને શીખ આપી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે કહ્યું હતું કે દેશમાં જે વિવિધતા જે તેનો ઉત્સવ મનાવવો જોઈએ અને કોઈના પ્રત્યે ધર્મના આધારે ભેદભાવ થવો જોઈએ નહી. કોઈની પુજા પધ્ધતિ અલગ હોય કે પરંપરા અલગ હોય તો તેના પ્રત્યે ભેદભાવ ન થવો જોઈએ. સંઘ પ્રેરીત ઈન્ટરનેશનલ સેન્ટર ફોર કલ્ચરલ સ્ટડીઝ દ્વારા યોજાયેલી આ કોન્ફરન્સને સબંધતા સંઘના વડા મોહન ભાગવતે પ્રબુધ્ધ લોકોની પાંચમી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સને સંબોધતાં કહ્યું હતું કે વિવિધતાને ઉજવવાની છે તેનો વિરોધ નથી કરવાનો.

જો કે હજુ સુધી સંઘના વડાની શીખ તેમની સાથે સંકળાયેલા તેમની ભગીની સંસ્થાઓના કાર્યકરો સુધી પહોચી નથી. તેઓ હજુ પણ ખ્રિસ્તી દેવળો તોડવા , સળગાવવા અને ખ્રિસ્તી પાદરીઓની હત્યા કરી રહ્યા છે. આરએસએસના વિચારો એકદમ પરિવર્તીત થઈ જાય તે તેમના સાથી કાર્યકરોના માનવામાં આવે તેમ નથી.કટ્ટરવાદી વિચારધારાઓને વરેલાઓનુ એકાએક પરિવર્તન લાવવું એટલું ઝડપથી શક્ય નથી.સત્તા સ્થાને આવેલ ભારતીય જનતા પાર્ટીને ભલે આ બધાનો ટેકો હોય પરંતુ સત્તા પર બેઠા પછી તેમણે બંધારણને વફાદાર રહેવાનો સંકલ્પ કરવો પડે.તેમાં અનુકળતાને અવકાશ નથી.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# ધાર્મિક સ્વાતંત્રતાના મુદ્દે અમેરિકી પ્રમુખ, અને ભારતના રાષ્ટ્રપતિ કરેલા ઉલ્લેખોને ખ્રિસ્તી સંગઠનોનો આવકાર

ધાર્મિક સ્વાતંત્રતા માટે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સ્પષ્ટ મંતવ્ય આપતાં ખ્રિસ્તી લઘુમતિઓને પ્રોત્સાહન મળ્યું છે.તેમણે ધાર્મિક સ્વાતંત્રતાને ખુબજ અગત્યની ગણાવી હતી.તેમણે તેમના ભાષણ દરમિયાન જણાવ્યું હતું કે લઘુમતિઓનું રક્ષણ કરવુ પણ તેટલું જ જરુરી છે.તેમનો અનુભવ ટાંકતા કહ્યુ હતું કે લઘુમતિ તરીકે યુએસમાં પણ કેવો અનુભવ થાય છે તેનો મને અનુભવ છે.ભારતમાં વસતા ખ્રિસ્તી સમુદાયના મોટા ભાગના લોકો એવી આશા રાખે છે કે અમેરિકાના પ્રમુખ દ્વારા જે વાતો કહેવામાં આવી છે તેનો ભારત સરકાર પુરા હૃદયથી અમલ કરે કારણકે ભારતીય જનતા પાર્ટીના શાસન કાળના દિવસો દરમિયાન છેલ્લા આઠ મહિનાથી ખ્રિસ્તીઓની દેશભરમાં ભારે સતાવણી થઈ છે.અમેરિકાના પ્રમુખે ધાર્મિક સ્વાતંત્રતા બાબતે થોડીક કડક વાત કરી હતી.

ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ બે દિવસ પહેલાં કરેલી આ જ પ્રકારની ટીકા બાદ અમેરિકાના પ્રમુખે આ જ વાતનો ઉલ્લેખ કર્યો.બેઉ મહાનુભાવોએ કરેલા પ્રવચનમાં તેમનો ઉદ્દેશ્ય સીધો વડાપ્રધાનને તેમજ ભારતીય જનતા પાર્ટીને આ બાબતે જણાવવાનો હતો.રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે ધર્મ એકતા માટેની તાકાત છે.આપણે તેને ઘર્ષણનું કારણ બનાવી શકીએ નહીં. ૨૬મી જાન્યુઆરીની પુર્વ સંધ્યાએ તેમણે આપેલ સંદેશમાં આ બાબત તેમણે કહી હતી.તેઓએ આ બાબતે મહાત્મા ગાંધી કે જેમને આપણે રાષ્ટ્રપિતા કહીએ છે તેનો દાખલો આપ્યો હતો.આજ વાત યુ.એસ. પ્રમુખે તેમના ૨૭ જાન્યુઆરીના પ્રવચનમાં કહી હતી. તેમણે કહ્યું હતું કે ગાંધીએ કહ્યુ છે કે વિવિધ ધર્મો બગીચાના ફુલો જેવા છે.એક ઝાડની ડાળીઓ જેવા છે.દરેક વ્યક્તિને તેનો અધિકાર છે કે તે તેનો ધર્મ પસંદ કરે. અને તે સ્વતત્રતાથી તેને પાળે.કોઈપણ જાતની સતાવણી ,ભય કે રોકટોક વગર. તેમણે ભારતીય બંધારણનો પણ ઉલ્લેખ કર્યો હતો.આ પ્રસંગે ૧૮૦૦ જેટલા આમંત્રિતો હાજર હતા જેમાં યુવાનો પણ હતા.તેમણે કહ્યું હતું કે તમારુ બંધારણ ૨૫ કહે છે કે બધાજ લોકો સરખા છે અને તેમને તેમનો ધર્મ પાળવાનો અધિકાર છે.તેઓ ધર્મ પાળી શકે છે,પ્રસાર અને પ્રચાર પણ કરી શકે છે.ધર્મ બાબતે દરેક નાગરિકને તેનો અંગત નાગરિકી અધિકાર બંધારણે આપ્યો છે.ઓબામાએ કહ્યું હતું કે ધાર્મિક સ્વાતંત્રતા દરેક નાગરિકને મળે તે જોવાની જવાબદારી સરકારની છે.આપણે હિંસા અને આતંક જોઈએ છીએ, કેટલાક લોકો તેમની આસ્થાને લઈને અન્યો પર પોતાનો આતંક વરસાવે છે.અને તેમને તાબે થવા મજબુર કરે છે.તેમણે ઈન્ટરનેસનલ કોમ્યુનીટીને આ બાબતે આહવાન આપ્યું હતું કે તેઓ લોકોને ધર્મના નામે જુદા પાડતા પરિબળો સામે લોકોને રક્ષણ આપે,ભારત પણ જો ધાર્મિક સ્વાતંત્રતાના અધિકારને રક્ષણ નહી આપે તો તેમનો વિકાસ રુંધાઈ જશે.

અમોને એ બાબતે ઘણો આનેદ થાય છે અને અમો ખુશ છીએ કે અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ ધાર્મિક સ્વાતંત્રતા બાબતે ખુબજ સ્પષ્ટતાથી વાત કરી અને ધાર્મિક સ્વાતંત્રનો જે એક મુદ્દો હતો તેને તેમણે ભારત સરકારને જણાવ્યો, તેવુ આર્ચ બિશપ આલ્બર્ટ ડીસોઝા ઓફ આગ્રા, સેક્રેટરી જનરલ ઓફ કેથોલીક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડીયાએ જણાવ્યું હતું.

એક ખુબજ આનંદદાયક બાબત તો એ છે કે ભારતના રાષ્ટ્રપતિ અને યુ.એસ. પ્રમુખ બેઉ મહાનુભાવોએ ધાર્મિક સ્વાતંત્રતાની વાત એક સાથે કહી છે,જ્યારે દેશમાં ધાર્મિક સ્વાતંત્રતા બાબતે કેટલીક અજુગતી બાબતો બની રહી છે.તેવું આર્ચ બિશપ ડીસોઝાએ જણાવ્યું હતું.જો કે બીજેપીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઓબામાનો આ ધાર્મિક સ્વાતંત્રતા બાબતનો સંદેશો માત્ર ભારત પુરતો નહી પરંતુ સમગ્ર વિશ્વ માટે હતો. જ્યારે કનવર સીબલ,ફોર્મર ઈન્ડીયન ફોરેન સેક્રેટરીએ જણાવ્યું હતું કે ઓબામા માટે આ બાબત શોભનીય નથી તેમજ તેમણે આપણા બંધારણનો ઉલ્લેખ આ બાબતે કરવો જોઈએ નહીં.

જો કે હજુ તો ઓબામા અને રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ પોતાના સંદેશામાં કહેલી બાબતની ગુંજ હવામાં લહેરે છે પરંતુ તેની અસર કટ્ટરવાદીઓના મનમાં થઈ નથી. દિલ્હી રાજધાનીમાં વસંતકુજ વિસ્તારમાં એક ચર્ચ ઉપર હુમલો કરીને તોડફોડ કરવામા આવી.હા,ઉપરની નેતાગીરીના પ્રવચનોમાં ધાર્મિક સ્વતંત્રતા બાબતે તેમના વિચારો માં પરિવર્તન આવી રહ્યુ છે.પરતું કરણી અને કથની બેઉ જ્યારે સરખાં થશે ત્યારે આ શક્ય બનશે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

# ભારતભરમાં ૨૦૧૪ના વર્ષ દરમિયાન સાત હજાર ખ્રિસ્તીઓ સતાવણીનો ભોગ બન્યા હતા : એક રીપોર્ટ

તાજેતરમાં રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે પાંચ ખ્રિસ્તીઓ કે જેમાં એક અગિયાર વર્ષનો બાળક હતો તેમની હત્યા કરી દેવાઈ હતી.૨૦૧૪ના વર્ષમાં સાત હજાર જેટલા ખ્રિસ્તીઓની સતાવણી કરાઈ હતી.ધ ક્રિશ્ચિયન પરસીક્યુશન રીપોર્ટ, તાજેતરમાં મુંબઈ સ્થિત કેથોલીક સેક્યુલર ફોરમ દ્વારા જાહેર કરવામાં આવ્યો તેમાં જણાવાયું હતું કે ૩૦૦ ધાર્મિક સેવકો અને ખ્રિસ્તી નેતાઓ ગત વર્ષ દરમિયાન હિંસા માટે નિશાન બનાવાયા હતા.

જોસેફ ડાયસ સીએસએફ સેક્રેટરીના જણાવ્યા પ્રમાણે ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવ્યા બાદ તેમની જમણેરી પાંખ દ્વારા દેશભરમાં લઘુમતિ ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસક કાર્યક્રમો જારી કરી દીધા છે.એક રીપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ઉત્તર પ્રદેશમાં ૨,૭૩,૦૦૦ લઘુમતિઓને ઘર વાપશી કાર્યક્રમ હેઠળ આવરી લઈને તેમને ફરીથી હિંદુ બનાવી દેવામાં આવશે.ઓક્ટો માસમાં હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા છત્તીસગઢ રાજ્યમાં બાર ખ્રિસ્તીઓ પર હુમલા કરવામાં આવ્યા.આ વર્ષ પહેલાં ૫૦ ગામોમાં પંચાયતે કાયદો કર્યો કે કોઈપણ હિદું ધર્મ સિવાયના લોકોની ધાર્મિક વિધિ કરવા દેવામાં નહીં આવે.

છત્તીસગઢ એ ભારતમાં ખ્રિસ્તીઓ માટે ખરાબમાં ખરાબ સ્થળ છે.આ પ્રકારની ઘટનાઓ અને જોર જબરજસ્તી એ સુચવે છે કે કટ્ટરવાદીઓ ભારતને હિદુત્વ રાષ્ટ્ર બનાવવા માંગે છે.તેથી અન્ય લઘુમતિઓ તરફ ધિકકારની વૃત્તિ તેઓ કેળવી રહ્યા છે.તેવું માઈકલ સલધાનાએ યુકાન્યુઝ.કોમને જણાવ્યું હતું.

સલધાનાએ જણાવ્યું હતું કે સરકારે ભારતમાં વસતા ખ્રિસ્તીઓને ખાતરી આપવી જોઈએ કે તેઓની કોઈ સતાવણી નહી થાય અને તેમના પર હુમલાઓ નહીં થાય.કેટલાક હુમલાઓની ફરિયાદ કરવામાં આવતી નથી કારણકે ફરિયાદીને તબાહીનો ખોફ હોય છે.સેમ્યુલ જયકર, નેશનલ કાઉન્સીલ ઓફ ચર્ચીસ ઈન ઈન્ડીયા એ જણાવ્યું હતું કે સરકાર તપાસ સંસ્થાઓ બેદરકાર હોય છે અને તેઓ નથી ઈચ્છતા કે સતાવણી બાબતે વધુ તપાસ થાય.દેશભરમાંથી ખ્રિસ્તીઓની સતાવણી થઈ રહી છે તેના સમાચારો આવી રહ્યા છે જે આપણને માનસિક ત્રાસ આપી રહ્યા છે.પરંતુ આપણે સચ્ચાઈનો સામનો કરવો પડશ.સરકાર જ્યાં સુધી કટ્ટરવાદીઓનો પ્રવૃત્તિઓ પર કડક અંકુશ નહી મુકે ત્યાં સુધી હુમલાઓ થતાં જ રહેશે.ખ્રિસ્તીઓને જ્યારથી ભારતીય જનતા પાર્ટીએ સત્તાના સુત્રો સંભાળ્યા ત્યારથી ભય તો હતો કે તેમની કટ્ટરવાદી સંસ્થાઓ તકનો લાભ લેશે.અમે ગભરાયા નથી પરંતુ ચિંતિત છીએ.

સીએસએફના રીપોર્ટમાં પ્રાઈમ મીનીસ્ટર નરેન્દ્ર મોદીને અપીલ કરવામાં આવી છે કે તેઓ કટ્ટરવાદીઓ સામે કડક કાર્યવાહી કરે અને તાત્કાલીક ખ્રિસ્તી લઘુમતીઓની સતાવણી હેરાનગતિ બંધ કરવામાં આવે.જો કે મોદીને લઘુમતિ કોમો એક હિંદુ તરીકે જ જુએ છે અને તે એકદમ શાંત બનીને બેઠા છે.જ્યારથી તેઓએ ઓફીસ સંભાળી છે ત્યારથી તેઓ આ કટ્ટરવાદીઓની પ્રવૃત્તિઓ તરફ કોઈ શબ્દ બોલ્યા નથી.

દાખલા તરીકે ચર્ચ લીડરો દ્વારા હિંદુ કટ્ટરવાદીઓને તાજેતરમાં દિલ્હીના ચર્ચ પર હુમલો કરવામાં આવ્યો તેના તરફ ધ્યાન દોરવામાં આવ્યુ હતું,આ ઉપરાંત ગત માસમાં સેંટ સેબેસ્ટીયન ચર્ચને ભારે નુકશાન પહોચાડાયું હતું.પરંતુ આ બાબતે મોદી એક શબ્દ પણ બોલ્યા નહોતા.ક્રિશ્ચિયન ગ્રુપ દ્વારા આ બાબતે વારંવાર વિનતીઓ છતા પણ તેઓએ કોઈ પગલાં ભર્યા નહોતા

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

# પાકિસ્તાનમાં ખ્રિસ્તી બોયઝ સ્કુલ પર શાર્લી હેબ્દોના કાર્ટુનને કારણે હુમલો

ત્રણસો જેટલા મુસ્લીમ વિદ્યાર્થીઓ દ્વારા પાકિસ્તાનમાં આવેલ ખ્રિસ્તી બોયઝ સ્કુલ પર હુમલો કરવામાં આવ્યો હતો,આ હુમલા પાછળનું કારણ પેરીસમાં શાર્લી હેબ્દો નામના મેગેઝીને મુસ્લીમ પયગંબરના કાર્ટુનો છાપ્યા હતા.મુસ્લીમ વિદ્યાર્થીઓનું ટોળું લોખંડની પાઈપો,લાકડીઓ લઈને સ્કુલ ઉપર તુટી પડ્યા હતા. જેમાં ચાર લોકોને ઈજાઓ થઈ હતી.

ક્રિશ્ચિયન પોસ્ટના રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આ હુમલો પનીલ હાઈસ્કુલ,બેન્નુ ખાતે થયો હતો.સ્કુલની દિવાલો કુદીને મુસ્લીમ યુવકો આવ્યા હતા અને સ્કુલમાં રહેલા ખ્રિસ્તીઓ પર હુમલો કર્યો હતો.

નાસીર સઈદ, ડાયરેકટર,એનજીઓ સેન્ટર,ફોર લીગલ એઈડ આસી.એન્ડ સેટલમેટે જણાવ્યું હતું કે આ ઘણું દુખદાઈ છે કે કેટલાક કટ્ટરવાદીઓ પાકિસ્તાની ખ્રિસ્તીઓ પર હુમલા કરે છે. અનો તે પણ શાર્લી હેબ્દોમાટે.અહીયાના ખ્રિસ્તીઓએ આ કાર્ટુનોનો વિરોધ કર્યો હતો.પાકિસ્તાનને આઝાદ થયે ૬૭ વર્ષ પછી ખ્રિસ્તીઓને પાકિસ્તાનના નાગરિક ગણવામાં આવતા નથી તે કેટલું બધું શરમજનક છે.તેઓને પરદેશી ગણે છે.

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જહોન એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.